પંદર વર્ષની લીઝ હતી, અઢી દાયકા પહેલા પુરી થઇ ગઇ

# અઠવા ગેટ ચોપાટીની જમીનમાં લીઝ પૂરી થવા છતાં પણ મનપાએ દુકાનો પાડી ભાડે આપી દીધી

**મનપાએ** લીઝ રિન્યુ કરાવી નહીં હોવાથી ભાડે આપતાં સિટી સરવે કચેરી હરકતમાં આવી

**મનપાએ** કયા હક હેઠળ સરકારની જમીન પર દુકાનો ભાડે આપી તેનો ખુલાસો મંગાયો




સુરતઃ શહેરની અઠવાગેટ ચોપાટી વિસ્તારની સોનાની લગડી જેવી મહામૂલી જમીનની લીઝ પૂરી થઇ ગયા પછી પણ મનપાએ સરકારની પરવાનગી વગર દુકાનો પાડી ભાડે પધરાવતા મામલો બિચક્યો છે. મનપાએ રાજ્ય સરકાર હેઠળની જમીનના પોતે ટેન્ડર બહાર પાડી બારોબાર ભાડે ચડાવી દેતાં આખરે સિટી સર્વેની કચેરીએ મનપા અને તમામ દુકાનદારોને કલમ 61ની નોટિસ આપી છે.

રાજ્ય સરકારની માલિકીની, એટલે કે કલેક્ટરના હક હેઠળની જમીન ઉપર સુરત મહાનગરપાલિકા દ્વારા બારોબાર વહીવટ કરી લેતાં વધુ એક વિવાદ બહાર આવ્યો છે. વાત છે અઠવા ગેટ પાસે આવેલી સિટી સર્વે નં. 647 અને 648 ની કુલ 34,800 ચોરસ મીટર જમીનની. જે સુરત મહાનગરપાલિકા દ્વારા માત્ર 15 વર્ષ માટે લીઝ પર લેવામાં આવી હતી. પરંતુ હવે લીઝની સમયમર્યાદા પૂર્ણ થયા પછી પણ મનપાએ આ જમીનનો કબજો છૂટો કર્યો નથી.

## સિટી સરવે કચેરીએ ટેન્ડરિંગ કરી દુકાનો બનાવી તેનો મનપા પાસે ખુલાસો માંગ્યો

આ ગેરકાયદેસર કબજાની જાણ થતાં સિટી સર્વે-ર કચેરીએ આ સમગ્ર મામલે ગંભીર નોંધ લીધી છે. અને દુકાનદારો સાથે સુરત મહાનગરપાલિકા સામે પણ ભૂમિ હસ્તગતના કાયદા હેઠળ કલમ 61 મુજબની નોટિસ આપી છે. કેવા હક હેઠળ મનપાએ સરકારની માલિકીની જમીન પર કબજો જાળવી રાખ્યો છે અને કેવી રીતે દુકાનો બનાવી ટેન્ડરિંગ કર્યું તે મુદ્દે સ્પષ્ટ અને લેખિતમાં ખુલાસો માંગવામાં આવ્યો છે.

## સમયસર ખુલાસો ન થાય તો કડક પગલાં ભરાશે

અઠવા ગેટ પાસે આવેલી કલેક્ટરની માલિકીની જમીન પર સુરત મહાનગરપાલિકાએ કાયદેસર હક વગર દુકાનો બનાવી ભાડે આપી હોવાને લઈને સિટી સર્વે-ર કચેરીએ ગંભીર નોંધ લીધી છે. જમીન કબજાની તપાસ બાદ અધિકૃત રીતે કલમ 61 હેઠળ નોટિસ ફટકારવામાં આવી છે. નોટિસમાં મનપાને આ મુદ્દે ખુલાસો કરવા માટે સમયમર્યાદા આપવામાં આવી છે. સમયસર ખુલાસો નહીં થાય તો તંત્ર કડક વહીવટી પગલાં ભરે તેવી શક્યતા છે. સિટિ સર્વે કચેરીએ દુકાનદારોને પણ નોટિસ આપી છે અને પૂછ્યું છે કે તેઓ કયા કાયદેસર ધોરણે ભાડા પર બેઠા છે?

એ પૂરતું નહોતું કે મનપાએ કલેક્ટર હેઠળની જમીન ઉપર દુકાનો બનાવી, અને ટેન્ડરિંગ પ્રક્રિયા દ્વારા તેને ભાડે આપી દીધી. હાલમાં આશરે 20 જેટલી દુકાનો મનપાએ ભાડે આપી છે. કેટલીક દુકાનો તો ચાલુ પણ થઈ ગઈ છે. હવે સવાલ એ છે કે શું સરકારી તંત્ર મનપાના ગેરકાયદેસર કબજાને દંડ આપશે? કે પછી આખો મામલો ફરી દરબારી દબાણમાં રફેદફે થઇ જશે.

# આપના કોર્પોરેટર વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી મામલે કનુ ગેડિયા અને અશોક ધામી સામે ફોજદારી

**આપમાંથી** પક્ષપલટો કરીને બંને કોર્પોરિટર ભાજપમાં જોડાયા હતા

**કોર્ટે** બંને વિરુદ્ધ ફરિયાદ મંજૂર કરી સમન્સ જારી કરવાનો હુકમ કર્યો

સુરત : સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં પાયલ કિશોરભાઈ સાકરીયા (સીમાડા), કનુ નાગજીભાઈ ગેડીયા (પુણા-સીમાડા) અને અશોક કરનશનભાઈ ધામી (અશ્વિનીકુમાર રોડ)એ આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી અને કોર્પોરેટર બન્યા હતા. જોકે, ચૂંટણી બાદ કનુ ગેડીયા અને અશોક ધામીએ પક્ષપલટો કરી ભાજપમાં જોડાઈ ગયા હતા.

26 જૂન 2024ના રોજ સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભામાં આપ અને ભાજપના કોર્પોરેટરો વચ્ચે ભારે માથાકૂટ થઈ હતી. આ દરમિયાન કનુ ગેડીયા અને અશોક ધામીએ પાયલ સાકરીયા વિરુદ્ધ અભદ્ર શબ્દોનો ઉપયોગ કરી, ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે જાહેરમાં તેમનું અપમાન કર્યું હતું. આ ઘટનાએ રાજકીય વર્તુળોમાં ભારે બખેડો સર્જ્યો હતો.

પાયલ સાકરીયાએ આ ઘટનાને સમાજમાં પોતાની બદનામી અને ગરીમાને ઠેસ પહોંચાડનારી ગણાવી, એડવોકેટ કિરીટ પાનવાલા અને અજય વેલાવાલા મારફતે સુરતની કોર્ટમાં આઈપીસીની કલમ-499 અને 500 હેઠળ માનહાનીની ફરિયાદ દાખલ કરી હતી. ફરિયાદમાં જણાવાયું કે, આ આક્ષેપોથી તેમની રાજકીય અને સામાજિક પ્રતિષ્ઠાને ગંભીર નુકસાન થયું છે.

બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ, જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડો. કુ. સુપ્રીત કૌર ગાબાની કોર્ટે ફરિયાદને મંજૂર કરી કનુ ગેડીયા અને અશોક ધામી સામે ફોજદારી કેસ નોંધવાનો આદેશ આપ્યો અને સીઆરપીસીની કલમ-204 હેઠળ બંનેને સમન્સ જારી કરવાનો હુકમ કર્યો હતો.

# સચિનમાં ગુડ્સ લિફ્ટ પડતાં મહિલાનું મોત, પરિવારનો મૃતદેહ સ્વીકારવા ઈનકાર

સુરતઃ સચિન સ્થિત પાલીગામમાં આવેલી દેવનારાયણ સોસાયટીમાં પરિવાર સાથે રહેતી સફાઈ કામદાર મહિલા પર ગુડ્સ લિફ્ટ પડતાં મોત થયું હતું.

મૂળ બિહારના વતની 34 વર્ષીય ચંદ્રકલાદેવી શિવશંકર મહંતો હાલમાં સચિન સ્થિત પાલીગામમાં આવેલી દેવનારાયણ સોસાયટીમાં પરિવાર સાથે રહેતા હતા. ચંદ્રકલાદેવી સચિન ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલી આયુષી નામની ટેક્સટાઈલ કંપનીમાં સફાઈકામ કરી ચાર સંતાન સહિતના પરિવારનું ગુજરાન ચલાવતાં હતાં. પતિ અશક્ત હાલતમાં ઘરે જ છે. જેથી ઘરના ગુજરાનનો આધાર ચંદ્રકલાદેવી હતાં. ચંદ્રકલાદેવી ગત તા.16મીએ સફાઈ કરી ગુડ્સ લિફ્ટમાં બીજા માળેથી ગ્રાઉન્ડ ફ્લોરમાં કચરો નાંખવા ગયાં હતાં. દરમિયાન ત્રીજા માળેથી ટ્રૉલી તૂટીને તેમના પર પડી હતી. જેના કારણે તેમનું મોત થયું હતું. આયુષી ટેક્સટાઈલ કંપનીના સંચાલકો વળતર નહીં આપે ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો પરિવારજનોએ ઈનકાર કરી દીધો હતો.




# ‘ગુજરાતમિત્ર’ના સહયોગથી ‘ચેનલ સુરત અને ‘સુમુલ’ આયોજિત અલુણા મહોત્સવમાં ફેશન શો યોજાયો

સુરતઃ ‘ગુજરાતમિત્ર’ના સહયોગથી ચેનલ સુરત અને સુમુલ આયોજિત અલુણા મહોત્સવમાં આજે શુક્રવારે ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના જુદી-જુદી શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. દરેક વિદ્યાર્થીઓએ પોતાના અંદાજમાં અલગ અલગ ડ્રેસિંગ પર રેમ્પ વોક કર્યું હતું. નાના બાળકોથી લઇ ધોરણ 10 સુધીના તમામ બાળકોએ આજે આ ફેશન શોમાં ભાગ લીધો હતો. આજના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વનિતા વિશ્રામના આચાર્ય જ્યોતિકા રામનાની હાજર રહ્યા હતા. ત્યારબાદ શહેરના જાણીતા ઈન્ફલયુએન્સર જગદીશ પુરોહિત, સોનુ ઝવેરી, સીમા લોઢાએ હાજર રહીને વિદ્યાર્થીઓને ઇનામ આપ્યા હતા. નિર્ણાયક તરીકે મીતા નાયક, મોસમી ઠક્કર, નેન્સી દલાલ, નિકી દેવલ વગેરે મહાનુભવો હાજરી આપી હતી અને વિદ્યાર્થીઓને ઈનામો પણ આપવામાં આવ્યા હતા.

# કે.પી. ગ્રુપ ઓફ કંપનીઝના ભૂતપૂર્વ કર્મચારી આશિષ ગુપ્તા સામે ગુનો નોંધાયો

**કે.પી. ગ્રુપને** સોશિયલ મીડિયા પર કર્મીએ સિનિયર મેનેજમેન્ટ વિરુદ્ધ ખોટા આક્ષેપો અને અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી

સુરતઃશહેરની જાણીતી કે.પી. ગ્રૂપ ઓફ કંપનીઝે તેમના ભૂતપૂર્વ કર્મચારીએ સોશ્યલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ લિંક્ડઇન પર કંપની અને તેના સિનિયર મેનેજમેન્ટ વિરુદ્ધ ખોટા આક્ષેપો અને અપમાનજનક ટિપ્પણીઓ કરીને કંપનીને બદનામ કરતા મામલો પોલીસ ચોપડે નોંધાયો છે.

પાંડેસરાની અંબિકા નિકેતનમાં રહેતા38 વર્ષીય મનોજકુમાર વૃંદાવન શાહુએ ગત 17મીના રોજ ખટોદરા પોલીસમાં આશિષ રાવજી મંગલ ગુપ્તા (રહે. એસ. એફ. જૈન નગર, ગાઝિયાબાદ,(ઉત્તરપ્રદેશ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ મુજબ ભટાર ઈશ્વર ફાર્મ જંકશન ખાતે આવેલી કે.પી. ગ્રૂપ ઓફ કંપનીઝ સોલાર અને વિન્ડ એનર્જી જેવા ઉદ્યોગોમાં કાર્યરત છે.ગત 16/06/2025ના આશિષ ગુપ્તા નાઓને કે.પી.આઈ. ગ્રીન એનર્જી લિમિટેડમાં આસિસ્ટન્ટ જનરલ મેનેજર તરીકે નોકરી પર રાખ્યો હતો. તેઓનું કામ કંપનીના ધારા ધોરણ મુજબ યોગ્ય ન લાગતા તેઓને 4/07/2025 ના રોજ મૌખિક છૂટા કરવાની જાણ કરવામાં આવી હતી.જે બાદ આશિષ ગુપ્તાએ 5 જુલાઈ 2025ના રોજ લિંક્ડઇન પર તેમના પ્રોફાઈલ ‘Ashish G.’દ્વારા કે.પી. ગ્રૂપ અને તેના સિનિયર મેનેજમેન્ટ વિરુદ્ધ ખોટા આક્ષેપો સાથે ટેગ્સ કરીને કંપનીની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. કંપનીએ તેમને ટેગ્સ દૂર કરવા જણાવ્યું, જે બાદ આશિષે ટેગ્સ દૂર કર્યા હતા. જોકે, તેમણે એચ.આર. હેડને ધમકી આપી કે જો તેમને પાછા નોકરી પર નહીં લેવામાં આવે તો તેઓ કે.પી. ગ્રૂપને “આખી દુનિયામાં બદનામ”કરશે અને કંપનીના કર્મચારીઓને “જાનથી મારી નાખશે.”

ત્યાર બાદ પણ તેણે હિન્દીમાં લખ્યું, “મેરા નામ ભી એડ કર લેતે ભાઈ... (મેરે 10 લાખ તો ડ્યુ હૈ આપ સે)”અને “ગલી ગલી મેં શોર હૈ, K.P. Group કે કર્મચારી ઘૂસખોર ઔર ચોર,”જેનો હેતુ કંપનીની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાનો અને આડકતરી રીતે 10 લાખ રૂપિયાની માંગણી કરવાનો હતો. આશિષ ગુપ્તાએ માત્ર 20 દિવસ કંપનીમાં કામ કર્યું હતું, નબળીને કારણે નિયમો મુજબ તેમને છૂટા કરાયા હતા.

# ભાટપોર જીઆઈડીસીમાં કંપનીના પતરા પરથી પટકાતા યુવકનું મોત

સુરત : ભાટપોર જીઆઈડીસીની કંપનીમાં 25 ફૂટ ઉપરના પતરા પરથી નીચે પટકાતા યુવકનું મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ ઉત્તરપ્રદેશના વતની અને હાલ સચિન જીઆઈડીસી સાંઈનાથ સુડામાં 23 વર્ષીય તુફેલ જુબેર એહમદ ચૌધરી રહેતો હતો. ભાટપોર જીઆઈડીસી ખાતે આવેલી ખાનગી કંપનીમાં મિકેનિકલ તરીકે નોકરી કરી પરિવારને આર્થિકરીતે મદદરૂપ થતો હતો. ૧૦મી જુલાઈએ સવારે તુફેલ કંપનીમાં અંદાજિત 25 ફૂટ ઉપર પતરા ઉપર ચઢી કામ કરતો હતો. તે સમયે તુફેલ અકસ્માતે નીચે પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં આજે સવારે સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. આ અંગે વધુ આગળની તપાસ ઈચ્છાપોર પોલીસ કરી રહી છે.

ઈન્સ્ટાગ્રામ પર યુવતી જોઈને લાઈક કરી તો ફસાયા સમજો, એસઓજીએ હનીટ્રેપમાં એક્સપર્ટ મશરૂ ગેંગની ચેઈન ઝડપી

# હની ટ્રેપ: મીઠાશમાં ‘ઝેર’ 150 જણાની ગેંગ સકંજામાં

**બધુ** જ ફિલ્મી ડ્રામા જેવું, પોલીસનું ડુપ્લિકેટ આઈડી કાર્ડ, હાથકડી, એક્ટિંગ પણ લાજવાબ, બસ ફસાનારો જ બેખબર હોય છે

સુરતઃ સુરત ઉપરાંત રાજ્યમાં દોઢસો લોકોની સંયુક્ત હનીટ્રેપ કરતી આખી ગેંગ સક્રિય છે. જો કોઇ યુવતી તમને બ્લેકમેલ કરતી હોય તો સમજી જજો કે આ ગેંગની આ યુવતી તો નથીને. તેમાં ઇન્સ્ટાગ્રામ પર લાઇક કરતાની સાથે જ આ ગેંગ જે-તે યુવતીઓને એક્ટિવ કરી યુવાનો તથા આધેડોને ફસાવતી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. હાલ તેમાં દોઢસો કરતા વધારે લોકોની પંદર જેટલી ગેંગની ઓપરેન્ડી આખા રાજ્યભરમાં ફેલાઇ હોવાની વિગત મળતાં એસઓજી ડીસીપી નકુમ અને પીઆઇ સોનારાએ જે લોકો ભોગ બન્યા હોય તેવા લોકોને બહાર આવવા અપીલ કરી છે. આવા લોકોનાં નામ ગોપનીય રાખવાની હૈયાધરપત આપવામાં આવી છે.

મશરૂ ગેંગ ઉપરાંત આ ગેંગ મહિલાઓનો ઉપયોગ કરી લોકોને નિશાન બનાવતી હતી અને પછી પોલીસ તરીકે ઓળખ આપી દરોડા પાડી તેમને બળાત્કારના કેસમાં ફસાવવાની ધમકી આપીને ખંડણી માંગતી હતી. તાજેતરમાં જ હીરાના કારખાનામાં કામ કરતા યુવાનને કુખ્યાત મશરૂ ગેંગે હનીટ્રેપમાં ફસાવ્યો હતો.

## પેપર (યુવતી) પહોંચી ગયું છે કહી ડુપ્લિકેટ પોલીસ હાથકડી સાથે દરોડા કરતી

જ્યારે પીડિત પુરુષ એકાંતમાં હોય ત્યારે અગાઉથી તૈયાર કરાયેલા પ્લાન મુજબ ગેંગના પુરુષ સભ્યો બહાર ઊભા રહી પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી ફ્લેટમાં દરોડો પાડતા હતા. તેઓ પીડિત સાથે સેક્સ કરીને હનીટ્રેપનો શિકાર બનાવી ડરાવી-ધમકાવી સમાજમાં બદનામ કરવાની અને પોલીસ કેસ કરવાની ધમકી આપતા હતા. આ રીતે તેઓ પીડિતને પૈસા આપવા મજબૂર કરતા અને તેમની પાસેથી મોટી રકમ પડાવતા હતા.

## આખી ગેંગના આ છે સૂત્રધારો

- ગોપાલ, અલ્પેશ પટેલ, મમતા, ધ્રુતી, લલિત, વાય. ડીતે આ આ ગેંગના માસ્ટર માઇન્ડ એટલે કે ટ્રેપ ગોઠવતા હોય છે
- ત્યારબાદ નિકુલ, દિવ્યા, અનિલ, ગૌરવ, નલેશ અને શ્યામ ડુપ્લિકેટ પોલીસ બની હનીટ્રેપમાં ફસાયેલાને પકડી નાણાં પડાવતાં હોય છે
- પૂજા, ક્રિષ્ણા, વેદા, સોનુ અને નાનુ પોતે કોલગર્લ બની લોકોને ફસાવતી હતી
- આ જ યુવતીઓ અન્ય યુવતીઓને શોધીને આ ધંધો વ્યાપક કરતી હતી.

## શું કહે છે એસઓજી

એસઓજી ડીસીપી નકુમે જણાવ્યું કે, પાનના ગલ્લા પરથી કે પછી ઓન લાઇન આ લોકો શિકારને શોધી તેમને રૂમ સુધી ખેંચી જતા હતા. ત્યારબાદ ડુપ્લિકેટ પોલીસનું આઇડી કાર્ડ બનાવીને રેડ પાડતા હતા. બાદ નગ્ન યુવાન કે આધેડને ફટકારી તેની પાસે નાણાં પડાવવામાં આવતા હોય છે. શહેરમાં છેલ્લા એક વર્ષમાં સો કરતાં વધારે લોકો હનીટ્રેપનો શિકાર બન્યા છે. તેમાં નાનો કામદારથી લઇને બિલ્ડરનો સમાવેશ થાય છે. આવા લોકોને ત્વરિત પોલીસનો સંપર્ક કરીને આ ગેંગને નશ્યત કરવા અપીલ કરાઇ છે.

હાઈકોર્ટમાં થયેલી પિટિશનમાં મનપા તરફે ચુકાદો આવતાં

# વરાછા, જવાહરનગરમાં ખાડી તટનાં બાંધકામોનાં ડિમોલિશનનો પ્રારંભ

**ખાડી** રિ-એમ્બેસમેન્ટ માટે એનઆરસીપી અંતર્ગત કરેલા માર્કિંગમાં ખાડી કિનારાનાં 50થી વધુ બાંધકામ આવે છે, પહેલા દિવસે છ પૂરેપૂરી અને 15 મિલકતનું આંશિક ડિમોલિશન

સુરતઃ વરાછા ઝોનમાંથી પસાર થતી કોયલી ખાડી કિનારે જવાહરનગરના ખાડી પરનાં દબાણો ધરાવતી મિલકતોનું ડિમોલિશન મનપા દ્વારા શરૂ કરી દેવાયું છે. મનપાના ખાડી રિ-એમ્બેસમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો ત્યારે નેશનલ રિવર કન્ઝર્વેશન પ્રોજેક્ટ અંતર્ગત માર્કિંગ થયેલાં દબાણોમાં જવાહરનગરની મિલકતોનો સમાવેશ થતો હતો. જો કે, જવાહરનગરના મિલકતદારોએ હાઇકોર્ટમાં પિટિશન કરી હોવાથી આ પ્રોજેક્ટનું કામ અહીંથી અટકી ગયું હતું. પરંતુ હવે હાઇકોર્ટ દ્વારા મનપા તરફે ચુકાદો આપી દેવાયો હોવાથી શુક્રવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સવારથી હાથ ધરવામાં આવેલી ડિમોલિશનની કાર્યવાહી કરઇ હતી, જેમાં વરાછા ઝોનના ઉચ્ચાધિકારીઓ સહિતનો કાફલો પણ ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો હતો.

શહેરમાંથી પસાર થતી ખાડીઓમાં પૂર તેમજ ગંદકીના કારણે ખાડી કિનારાના રહીશો ત્રાહિમામ પોકારી ગયા હતા. ભાજપ શાસકોએ 10 વર્ષ પહેલા આ સમસ્યામાંથી વરાછા વિસ્તારને મુક્તિ આપવા ખાડી રિસ્ટ્રક્ચર અને રિકન્સ્ટ્રક્શનનો પ્રોજેક્ટ બનાવ્યો હતો, જેમાં ખાડીને બોક્સ કલવર્ટથી પેક કરી સમાંતર રસ્તો ખુલ્લો કરવાનો હેતુ પણ સમાય જતો હતો. તેમજ કેન્દ્ર સરકારના નેશનલ રિવર કન્ઝર્વેશન (એનઆરસીપી) પ્રોજેક્ટ હેઠળ ગ્રાન્ટ મેળવી આ કામ ચાલુ કરાયું હતું. જો કે, આ સરવેમાં એનઆરસીપી દ્વારા માર્ક કરાયેલી મિલકતોમાં જવાહરનગરની મિલકતો પણ આવતી હોય, જવાહરનગરના 50થી વધુ મિલકતદાર 2023માં હાઇકોર્ટમાં ગયા હતા.

જો કે, હવે કોર્ટે મનપા તરફે ચુકાદો આપી દેતાં થોડા દિવસો પહેલાં મનપા દ્વારા ખાડીના અસરમાં આવતી મિલકતોના ડિમોલિશન માટે નોટિસ પાઠવી હતી અને શુક્રવારે સવારથી જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે જવાહરનગરમાં મોટા પાયે ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ખાડીના વહેણને અવરોધવાની સાથે સાથે ખાડી પર પુરાણ કરી ઊભી કરવામાં આવેલી મિલકતોમાં મોટા ભાગે કોમર્શિયલ મિલકત હોવાને કારણે એક તબક્કે મિલકતદારો દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ મનપા દ્વારા કડક રૂખ અપનાવી ડિમોલિશન કરાયું હતું.

## પાંચ પીઆઈ સહિત 150 જવાન ખડેપગે

વરાછા ઝોન-એમાંથી પસાર થતી કોયલી ખાડી કિનારે જવાહરનગરમાં વર્ષો પહેલાં સ્થાનિકો દ્વારા ખાડીપુરાણ કરી મિલકતો ઊભી કરી દેવામાં આવી હતી. જો કે, મિલકતદારો દ્વારા ડિમોલિશનનું ભૂત ધૂણે એ પહેલાં જ હાઈકોર્ટમાં રિટ કરવામાં આવી હતી. અલબત્ત, હાઈકોર્ટે રિટ રદબાતલ કરી દેતાં શુક્રવારે પાલિકા દ્વારા મોટા પાયે ડિમોલિશનની કામગીરી શરૂ કરાઈ છે. જો કે, સ્થાનિક મિલકતદારોના વિરોધની શક્યતાને પગલે પાલિકા દ્વારા ડીસીપી, એસીપી અને પાંચ પીઆઈ સહિત ૧૫૦ પોલીસ જવાનોનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. પોલીસ ઉચ્ચાધિકારીઓની હાજરીને પગલે સ્થાનિક મિલકતદારોમાં પણ રીતસરનો ફફડાટ જોવા મળ્યો હતો.

# કાપોદ્રાના બિલ્ડરે ઓલપાડના ફાર્મ હાઉસ પર કિશોરી સાથે હવસ સંતોષી

**કાપોદ્રામાં** રહેતા બિલ્ડર કિશોર ડાયાણી સામે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

સુરત : શહેરના અમરોલી વિસ્તારમાં રહેતાં શ્રમજીવી પરિવારની 16 વર્ષની કિશોરી પર કાપોદ્રા વિસ્તારમાં રહેતા બિલ્ડરે બળાત્કાર ગુજાર્યો છે. તે નાસ્તો કરવા ઘરની બહાર નીકળી હતી ત્યારે બિલ્ડર તેને ઓલપાડ નજીકના ફાર્મ હાઉસમાં લઇ ગયો હતો. ત્યાં તેણે કુકર્મ કર્યું હતું. એ બાદ આરોપી કિશોરીને તેના ઘર નજીક મૂકી ભાગી ગયો હતો. આ બાબતે કિશોરીએ પરિવારને જાણ કરતાં પરિવારના પગ તળેથી જાણે ધરતી ખસી ગઈ હતી. અંતે મામલો પોલીસમથકે પહોંચ્યો હતો.

કાપોદ્રા ખાતે આવેલી મમતાપાર્ક સોસાયટીમાં રહેતા બિલ્ડર કિશોરભાઈ ડાયાણીના સંપર્કમા અમરોલી વિસ્તારમાં રહેતી શ્રમજીવી પરિવારની 16 વર્ષની કિશોરી આવી હતી. દરમિયાન 12 જૂન 2025ના રોજ તે ઘરેથી નાસ્તો કરવા માટે અમરોલી શ્રી રામ ચોકડી પાસે આવી હતી. તે વખતે આરોપી બિલ્ડર કિશોરભાઈ ડાયાણી પણ ત્યાં આવી પહોંચ્યો હતો. તે વખતે બંને વચ્ચે વાતચીત કર્યા બાદ કિશોર ડાયાણી તેણીને ઓલપાડ નજીક સ્થિત એક ફાર્મ હાઉસે લઈ ગયો હતો. જ્યાં આરોપીએ તેની પર બળાત્કાર ગુજાર્યો હતો.

હવસ સંતોષ્યા બાદ આરોપી કિશોરીને ઘર નજીક મૂકીને નાસી છૂટ્યો હતો. ઘટના અંગે કિશોરીએ પોતાના પરિવારજનોને જાણ કરતા તેમની ફરિયાદના આધારે પોલીસે આરોપી બિલ્ડર વિરુદ્ધ પોક્સો ઍક્ટ અને ઈપીસી કલમોની જોગવાઈ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસને ગંભીરતાથી લઈને પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે .

# લગ્નનું વચન આપી વરાછાની 15 વર્ષની કિશોરીને કિસ કરી દીધી

**મામાના** ઘરે લઇ જઇ આલિંગનમાં લઇ લીધી તો મૂન ગાર્ડનમાં અડપલાં કરતા કિશોરની ધરપકડ

સુરતઃ વરાછા વિસ્તારમાં સગીર છોકરીને લગ્નનું વચન આપી અલગ અલગ સ્થળોએ લઈ જઈ તેની અશ્લીલ હરકતો કરી કીસ કરી દેનાર કિશોરની પોલીસે અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરના વરાછા વિસ્તારમાં રહેતા 17 વર્ષીય કિશોર સામે નજીકની સોસાયટીમાં રહેતી 15 વર્ષની કિશોરી સાથે દુર્વ્યવહાર કરવાનો ગુનો નોંધાયો છે. આ કિશોરે ઓક્ટોબર 2024 દરમિયાન તેની સાથે મિત્રતા કરી હતી અને લગ્નનો વાયદો કરી પ્રેમ સંબંધ બાંધી વાત આગળ વધારી હતી. આરોપી કિશોરે કિશોરીને ઘણી વખત મોટા વરાછામાં આવેલા મુન ગાર્ડનમાં અને પુણાગામની બુટભવાની સોસાયટીમાં તેના મામાના ઘરે લઈ જતો હતો. જ્યાં તેણે કિશોરીની સંમતિ વગર તેને આલિંગનમાં લીધી હતી અને કીસ પણ કરી દીધી હતી.આ કિસ્સામાં ખાસ નોંધનીય છે કે કિશોરીનો સ્પષ્ટ ઇનકાર છતાં આરોપીએ તેનું વર્તન ચાલુ રાખ્યું હતું. આ ઘટનાથી ડરી ગયેલી કિશોરીએ આખી ઘટના તેના પરિવારજનોને જણાવી હતી.

કિશોરીના પરિવારજનોએ તરત વરાછા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે 17 વર્ષીય કિશોર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 75(2) અને પોક્સો અધિનિયમની કલમ 12 હેઠળ ગુનો નોંધ્યો છે.પોલીસએ આરોપીને કાયદેસર રીતે ડિટેન્શનમાં લઇ વધુ તપાસ શરૂ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સુરત જિલ્લા યોગાસનની 22મી ચેમ્પિયનશીપ સ્પર્ધા-2025નું આયોજન રવિવારે થશે

સુરતઃ આગામી રવિવારની 20 જૂલાઈનાં રોજ સુરત જિલ્લા યોગાસન દ્વારા તેમની 22મી ચેમ્પિયનશિપ સ્પર્ધા-2025નું આયોજન શ્રી સ્વામીનારાયણ મિશન, લસકાણા ખાતે સવારે 7:00 કલાકથી બપોરે 11:00 કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. આ યોગ સ્પર્ધામાં ભાગ લેનારા સ્પર્ધકોને સપોર્ટ કરવા માટે મંત્રી નૈષધ જાસોલિયા, નવનીત સેલર, યોગ સપોર્ટ એન્ડ એડવાન્સ એસોસિએશનનાં મંત્રી નિલેશ બેલડીયા દ્વારા અપીલ કરાઈ છે.

### ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ સફાઈકર્મીઓ સાથે સ્વચ્છતા સુપરલીગની ઉજવણી કરી



સુરતઃ સુરત શહેરને મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીનાં હસ્તે સુપર સ્વચ્છ લીગ હેઠળ ભારતનાં સર્વોત્તમ શહેર તરીકે એવોર્ડ એનાયત થયો, આ આનંદ અને ગર્વની પળોની યાદગાર ઉજવણી વિદ્યાકુંજ અને દિવ્યપથ સંસ્થા દ્વારા કૃષ્ણકુંજ સંકલિત સુરત મહાનગરપાલિકા (વોર્ડ ઓફિસ) અડાજણ ખાતે સ્વચ્છતાદૂતો અને નાગરિકો સાથે ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય પૂર્ણેશભાઈ મોદી, વિદ્યાકુંજ સ્કૂલના સંચાલક મહેશભાઈ વી પટેલ, સ્થાનિક આગેવાન ભાર્ગવભાઈ ઋષિ, હિરલભાઈ ચૌહાણ સહિત અન્ય મહાનુભાવો મળીને સ્વચ્છતાદૂતોનું સન્માન કરી ધન્યતા અનુભવી. સાથે સાથે સરકારી આયુર્વેદિક દવાખાનુ અને સરકારી હોમિયોપેથીક દવાખાની મુલાકાત લીધી.

### CMA ડિસેમ્બર પરીક્ષા માટે પ્રવેશની છેલ્લી તારીખ 31 જુલાઈ સુધી રહેશે

સુરતઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા CMA ડિસેમ્બર ટર્મની પરીક્ષા માટે એડમિશન પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે. વિદ્યાર્થીઓ હવે 31 જુલાઈ 2025 સુધી પરીક્ષા માટે નોંધણી કરી શકે છે. સમયમર્યાદા પૂર્ણ થતાં પછી પ્રવેશ મંજૂર નહીં થાય, તેથી રસ ધરાવતા વિદ્યાર્થીઓએ નિર્ધારિત મુદતમાં એડમિશન પ્રક્રિયા પૂર્ણ કરવી અનિવાર્ય રહેશે.

### પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા રવિવારે મનોજકુમાર-માલાસિંહાનાં ફિલ્મી ગીતોની સ્પર્ધા યોજાશે

સુરતઃ ‘ગા મેરે મન ગા’ શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા આગામી રવિવાર તા.૨૦મી જુલાઇના રવિવારે બપોરે ૩થી૭ અભિનેતા મનોજ કુમાર અને અભિનેત્રી માલા સિંહાના ફિલ્મી ગીતોની સ્પર્ધાનો જાહેર કાર્યક્રમ સ્વરાન્ગન સ્ટુડિયો ૧૦૭ રાજહંસ સ્ટેડિયમ પ્લાઝા નવી એલ પી સવાણી સ્કુલ પાસે પાલનપુર રાખવામાં આવ્યો છે. કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીતરસીકોને પધારવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

### NTPC કવાસના નવા પ્રોજેક્ટ હેડ તરીકે અનિલ શંકર શરણે ચાર્જ સંભાળ્યો



સુરત : અનિલ શંકર શરણ, ચીફ જનરલ મેનેજર (CGM) એ 17 જુલાઈ 2025 ના રોજ NTPC કાવાસના પ્રોજેક્ટ હેડ તરીકે કાર્યભાર સંભાળ્યો. આ પહેલા, તેઓ NTPC સિપટમાં CGM તરીકે કાર્યરત હતા. NTPCમાં સાડા પાંત્રીસ વર્ષથી વધુની કારકિર્દીમાં, તેમણે એક મજબૂત નેતા તરીકે ઘણા મહત્વપૂર્ણ હોદ્દાઓ પર જવાબદારીઓ નિભાવી છે. BIT સિંદ્રીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક, શરણએ વર્ષ 1989માં NTPCમાં ટ્રેની એક્ઝિક્યુટિવ તરીકે તેમની સેવા શરૂ કરી હતી. તેમણે જાળવણી આયોજન, બળતણ સંચાલન, કામગીરી, રાખ સંચાલન, બળતણ વ્યવસ્થાપન અને સંચાલન અને જાળવણી જેવા ઘણા મહત્વપૂર્ણ વિભાગોમાં કામ કર્યું છે.તેમની શાનદાર કારકિર્દીમાં, તેમણે NTPCના કોરબા, વિંધાચલ (ભારતનો સૌથી મોટો થર્મલ પાવર પ્લાન્ટ) અને સિપટ પ્રોજેક્ટ્સમાં મજબૂત ભૂમિકાઓ ભજવી છે. કાર્યભાર સંભાળ્યાના પ્રસંગે, તમામ વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓએ શ્રી શરણને કવાસ ગેસ પાવર પ્રોજેક્ટના પ્રોજેક્ટ હેડ તરીકેની નવી જવાબદારી સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

### કલાપી સિનિયર સિટિઝન લાફિંગ ક્લબના ઉપક્રમે પંચમ્ ગ્રુપનો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ’ગા મેરે મન ગા’ શ્રેણી અંતર્ગત કવિશ્રી કલાપી સીનિયર સિટીઝન લાફિંગ ક્લબના ઉપક્રમે પંચમ ગ્રૂપ ઓફ મ્યુઝિક દ્વારા ૩૨૯મો ફિલ્મી ગીતોનો કાર્યક્રમ મનપા હોલ અડાજણ ૧૨મી જુલાઈના રોજ યોજાયો હતો. જેમાં રિધ્ધિશકુમાર, કેતકી ભટ્ટ, કિશન ભટ્ટ, આશિષ દારૂવાલા, ધનસુખ શાહ, મહેશ જેઠવા અને યશવંત પંડ્યાએ ફિલ્મી ગીતો રજુ કર્યા હતા. વસંત ચલીઆવાલા અને વિનોદ તમાકુવાળાએ કલાકારોનું પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન જય વ્યાસે કર્યું હતું.

### ઔદ્યોગિક સહકારી મંડળીઓના મોનિટરિંગનો હવાલો હવે જિલ્લા રજિસ્ટ્રારને સોંપાયો

સુરતઃ સુરત જિલ્લામાં હસ્તક ચાલતી ઔદ્યોગિક સહકારી મંડળીઓના મોનિટરિંગ અને નિયંત્રણની કામગીરી હવે સહકારી મંડળીઓના જિલ્લા રજિસ્ટ્રાર સંભાળશે. અગાઉ આ જવાબદારી ગાંધીનગરના રજીસ્ટ્રારના હસ્તક હતી. રાજ્યના ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્ર મુજબ, હવે જિલ્લા રજિસ્ટ્રાર હરેશ.ડી. કાછડ આ કામગીરી સંભાળશે. પરિણામે, મંડળીની નોંધણી, પેટા કાયદામાં ફેરફાર, વહીવટી બાબતો, ફડચાની કામગીરી, સભ્યો વચ્ચેના પ્રશ્નો અને આર.ટી.આઇ. જેવી વિધિવત બાબતો માટે હવે સુરત જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ ખાતે જિલ્લા રજિસ્ટ્રારનો સંપર્ક કરવો રહેશે. આ બદલાવથી ઔદ્યોગિક સહકારી મંડળીઓના પ્રશ્નોનું નિકાલ અને મોનીટરીંગ જિલ્લાકક્ષાએ વધુ સરળ અને ઝડપી બનશે તેવી અપેક્ષા છે.